(Posted & Published on 5th day of Each Month) દર મહિનાની '૫' તારીખે પ્રકાશિત

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન 1 ઑક્ટોબર ૨૦૨૬

RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

(ગુજરાતી માસિક)

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

## VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૧૦ ✦ વર્ષ-૭૭ ✦ માસ : ભાદરવો ✦ સંવત-૨૦૮૨ ✦ તા. ૦૫-૧૦-૨૦૨૬

વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦ ✦ છુટક નકલ રૂ. ૫=૦૦

તંત્રી : કીર્તન દીક્ષિત



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ



## કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાને વંદના

રાગ – મંગલાચરણનો

વંદન કરું વાઘેશ્વરી માતા, વંદન કરું વાલમ કુળ ત્રાતા, ટેક.<br>
તું બ્રહ્માણી, તું રૂદ્રાણી, વાલમ કુળની તું કલ્યાણી,<br>
લળી લળી વંદન કરીએ તુજને, બ્રહ્મપુત્રની તું રખવાળી. વંદન ૧.<br>
વાણી નિર્મળ આપો માતા, દુઃખડાં કાપો હે ભય ત્રાતા, (૨)<br>
સદાય રાખો શરણે માતા, સેવક કેરા છો સુખદાતા, વંદન ૨.<br>
વલ્લભીપુર માંહી તું વસતી, વાલમ કુળની ઉન્નતિ કરતી, (૨)<br>
જય જય હો માતા સાવિત્રિ, વાલમ જ્ઞાતિ કેરી વિધાત્રી. વંદન ૩.<br>
વંદન કરવા હેતે મળિયા, વાલમ પુત્રનાં ભાગ્ય જ ફળિયાં, (૨)<br>
દર્શન થાતાં દુઃખડાં હરિયાં, ભવ સાગરના ફેરા ટળિયા. વંદન ૪.<br>
'પરમાનંદ' આજ અરજ કરે છે, માતા તારું શરણ ચાહે છે (૨)<br>
સર્વ બાળકો સાથ પૂરે છે, ભક્તિસહ તુજ ચરણ ગ્રહે છે. વંદન ૫.<br>
માઈ લઈ લ્યો અંકે આજે, સર્વ બાળકો વિનવે આજે, (૨)<br>
'પુનિત' પૂર્ણ કરો સૌ આશ, સેવક આવ્યા એ વિશ્વાસે. વંદન ૬.



– માસ્તર પરમાનંદ અધ્વર્યુ.



### સ્વ. બિપીનચંદ્ર મૂળશંકર ભટ્ટની પુણ્ય સ્મૃતિમાં

આ અંકના પ્રાયોજક - સ્પોન્સરર

દીપક બી. ભટ્ટ તથા જિજ્ઞાસા, બેંગલોર

# હૃદયસ્થ સ્મરણાંજલિ

જન્મ: ૨૮ એપ્રિલ ૧૯૪૧
(વૈશાખ સુદ બીજ)



નિધન: ૦૮ ઓક્ટોબર ૨૦૨૪
(આસો સુદ આઠમ)

## સ્વ. બિપીનચંદ્ર મૂળશંકર ભટ્ટ (બેંગલોર)

બોરિયાવી (આણંદ) ગુજરાતમાં એક સાદા વાલમ બ્રાહ્મણ પરિવારમાં **સ્વ. મુળશંકર ઉમિયાશંકર ભટ્ટ અને સ્વ. શશીકલાબેનના જ્યેષ્ઠ પુત્ર** તરીકે જન્મેલા બિપિનચંદ્ર હંમેશા શ્રદ્ધાળુ પુત્ર, ભાઈ, પતિ, પિતા અને દાદા રહ્યા. તેમનું બાળપણ તેમના સ્નેહાળ માતા-પિતાની છત્રછાયામાં વિત્યું, જેમણે ૧૯૩૭માં ચેન્નઈ(મદ્રાસ) શહેરમાં નવેસરથી જીવનની શરૂઆત કરી હતી. નાનપણથી જ તેમનામાં રોપાયેલા મૂલ્યો અને અનુશાસનને કારણે જ આજે પણ આપણે તેમને એ જ રીતે યાદ કરીએ છીએ.

૧૯૬૦માં મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા બાદ પિતાજીના માર્ગદર્શન હેઠળ "ભટ્ટ એન્ડ કંપની"ની સ્થાપના કરી. ત્યારબાદ તેમણે ભટ્ટ એન્ટરપ્રાઈઝીસ, કન્ટ્રોલ સિસ્ટમ્સ એન્જિનિયરિંગ, ડીજી એપ્લાયન્સીસ પ્રા.લિ. અને વિજય સેલ્સ જેવા અનેક નવા વ્યવસાયો શરૂ કર્યા. તેમણે પોતાના બંને ભાઈઓને પણ વ્યવસાયમાં જોડ્યા અને પરિવારને સદા એકસૂત્ર રાખ્યો. ૧૯૭૪ના ડિસેમ્બરમાં પિતાજીના નિધન બાદ જ્યેષ્ઠ પુત્ર તરીકે તેમણે પરિવારની સંપૂર્ણ જવાબદારી ઉપાડી અને **પુત્ર, ભાઈ, પતિ તેમજ પિતાની તમામ ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવી.**

૧૯૭૨માં તેમના લગ્ન વસો ના તરલાબેન અને સ્વ. શ્રી હરિપ્રસાદ ભાઈલાલભાઈ પંડ્યા ની સુપુત્રી જ્યોતિબેન સાથે સંપન્ન થયાં. તેમણે બન્ને સંતાનો આરતી અને દીપક નું અત્યંત સ્નેહ અને કાળજીથી સંસ્કાર સિંચન થકી ઘડતર કર્યું. પરિવારજનો અને સંતાનો માટે તેઓ હરહંમેશ તૈયાર રહેતા – **સર્વોત્કૃષ્ટ પિતા**!!

**સમાજ પ્રત્યેની ફરજમાં પણ તેઓ ક્યારેય પાછા રહ્યા નહીં – જ્યાં જરૂર પડે ત્યાં હાજર રહ્યા અને ફરજ નિભાવી.** મિત્રો માટે તેમની હાજરી જ સર્વસ્વ હતી.

ટૂંકમાં કહીએ તો, બિપિનચંદ્ર એક નિષ્ઠાવાન પુત્ર, ભાઈ-બહેનો માટે પિતૃસમાન, સ્નેહાળ પતિ, આદર્શ પિતા અને સાચા મિત્ર હતા. સ્વર્ગીય બિપિનચંદ્ર મૂળશંકર ભટ્ટનો વારસો સદા જીવંત રહેશે અને અમે અંતિમ શ્વાસ સુધી તેમને યાદ કરીશું.

(સંકલન : દીપક બિપિનભાઈ ભટ્ટ)

**અમે સૌ પરિવારજનો આપના પુણ્યાત્માને વંદન સહ હાર્દિક સ્મરણાંજલિ અર્પણ કરીએ છીએ.**

**લિ.**

**જ્યોતિબેન બિપીનચંદ્ર ભટ્ટ**

**આરતી – નિર્મલ ઘનશ્યામભાઇ શુક્લ • દીપક બિપીનચંદ્ર ભટ્ટ – જિજ્ઞાસા**

**કરણ, અક્ષત અને આદિત્ય**

**પ્રમુખ :-**
જયપ્રકાશ શુક્લ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
**ઉપપ્રમુખ :-**
રાજેન્દ્ર મહેતા
મો. ૮૨૩૮૦૧૧૪૭૫
**મંત્રી :-**
મનોજ જોષી
મો. ૯૮૨૫૪૪૭૭૩૩
**તંત્રી :-**
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
**ખજાનચી :-**
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
**કાર્યાલય મંત્રી :-**
દીલીપ જે. મહેતા
મો. ૯૮૯૮૬૬૮૨૬૮
**સહતંત્રીઓ :-**
જયેશ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
મિતેશ અધ્વર્યું
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
હરેન્દ્રભાઈ વી. ભટ્ટ
મો. ૯૪૨૬૪૩૬૩૪૪
ડૉ. હેમંત એસ. પંડ્યા
મો. ૯૮૭૯૨૦૮૫૧૬
સત્યેન જોશી
મો. ૯૫૮૬૫૫૯૪૭૧
**કન્વીનર મંદિર કમિટી :-**
પ્રમોદભાઈ એન. આચાર્ય
**મો. ૯૮૨૫૯૭૫૮૪૯**
**કન્વીનર છાત્રાલય કમિટીઃ-**
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
**કન્વીનર શિક્ષણ કમિટી :-**
નિલેશભાઈ શુક્લ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
**કન્વીનર વેબસાઈટ કમિટી :-**
ચિન્મય વ્યાસ
મો. ૯૪૨૬૧૪૬૩૯૨
**કન્વીનર મિલકત કમિટી :-**
વિજય આચાર્ય
**મો. ૯૯૦૯૯૮૦૭૫૯**
**ટ્રસ્ટી મંડળ :-**
કૌશિકભાઈ અધ્વર્યું
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોશી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેશભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોશી
મો. ૯૪૨૬૩૬૭૦૧૯

# વાલમરત્ન : ડૉ. સ્વામી બ્રહ્માનંદજી મહારાજ



વિક્રમ સંવત ૧૯૫૨ના ફાગણ વદ અમાસને દિવસે સોજીત્રા નજીક આવેલા ખેડા જિલ્લાના લીંબાસી ગામે એક ધર્મનિષ્ઠ કુટુંબમાં એક સંસ્કારી જીવ માણેકલાલનો જન્મ થયો. પિતાનું નામ શ્રી ફૂલાભાઈ મહેતા અને માતાનું નામ દિવાળી બા હતું. તેઓ બાળપણથી જ નિર્ભય, કૃતનિશ્ચયી, આધ્યાત્મિક વૃત્તિ ધરાવતા હતા.

અંગ્રેજી પાંચ ચોપડી સુધી અભ્યાસ કર્યા બાદ સંજોગોવશાત્ અભ્યાસ છોડવો પડ્યો અને ૧૮ વર્ષની ઉંમરે આજીવિકા માટે આફ્રિકા ગયા. ત્યાંનું પાણી, આબોહવા માફક ન આવતાં સ્વદેશ પરત ફર્યા. વ્યવસાયી જીવનમાં પણ આધ્યાત્મ યોગ ચાલુ જ હતો. શ્રીમદ્ ભગવદ્ ગીતા અને સ્વામી રામતીર્થને પોતાના આદર્શ માનવા ઉપરાંત જગદ્ગુરુ શંકરાચાર્યના જન્મમરણની ઘટમાળમાંથી મુક્ત થવાના સ્તોત્રને તેમણે પોતાના જીવનમાં ઉતાર્યો હતો. એ સમયના રીત-રિવાજ મુજ તેમના લગ્ન કરમસદ ખાતે થયા હતા. પરંતુ ખૂબ જ ટૂંકા દામ્પત્યજીવનબાદ તેમની પત્નીનું અવસાન થયું. માતાપિતાએ એમને પુનઃલગ્ન માટે આગ્રહ કર્યો પરંતુ નરસિંહ મહેતાની જેમ 'ભલુ થયું ભાંગી ઝંઝાળ સુખે ભજશું શ્રી ગોપાળ' વિચાર અપનાવીને ૨૩ વર્ષની ઉંમરે વૌઠાના મેળામાં, તીર્થ સંગમમાં ભગવા ધારણ કર્યા. હવે માણેકલાલ મટીને સ્વામી બ્રહ્માનંદ થયા.



કાશી જઈને વિધિપૂર્વક સન્યાસ લઈને વેદ, દર્શન, ઉપનિષદ વગેરે ધર્મશાસ્ત્રોનું તલસ્પર્શી અધ્યયન કરીને પીએચ.ડી.ની ઉપાધી મેળવીને વેદાન્તાચાર્ય થયા. પોતાની વિદ્વત્તા, આધ્યાત્મિકતા અને કાર્યકુશળતાથી કાશીના અગ્રગણ્ય વિદ્વાનત રીકે પ્રતિષ્ઠા પામ્યા અને પરિવ્રાજક મહામંડળના મંત્રીપદે નિયુક્ત થયા. તેમની વિદ્વતા



અને કુનેહને કારણે કલકત્તા પાસેના તારકેશ્વર વિખ્યાત મઠના મહંતપદે માટે નિમંત્રણ મળ્યું. પરંતુ સાચી આધ્યાત્મિક વૃત્તિ અને નિર્મોહીપણાને કારણે એ સમયે વાર્ષિક લાખ રૂપિયાની આવકવાળા મઠાધીશપદનો ત્યાગ કર્યો. પોતાના જ્ઞાનને લોકકલ્યાણને માર્ગે વાળવા કાશી છોડીને દેશમાં પર્યટન અર્થે નીકળ્યા. સંન્યસ્ત ધારણ કરવા ઉપરાંત રાષ્ટ્રીય મહાસભાવાદી અને શુદ્ધ ખાદીધારી હતા.

તેઓ અમદાવાદ, વઢવાણ, રાજકોટ, મુંબઈ, નાસીક અને ચરોતરમાં વિવિધ સ્થળોએ ફરવા ઉપરાંત ધંધુકા અને સોજીત્રામાં ચાતુર્માસ ગાળ્યાં હતાં. સોજીત્રામાં શ્રી વૈજનાથ મહાદેવની જગ્યામાં શ્રી સરસ્વતી સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી અને સારસ્વત યજ્ઞો પણ કર્યા. વેદાન્ત ધર્મના પ્રચાર અર્થે વિદેશ પરિભ્રમણ કરવાની પણ તેમની વાંછના હતી પણ સ્વાસ્થ્ય કથળતાં તેમાં રૂકાવટ થઈ. આપણી જ્ઞાતિની સંગઠન પ્રવૃત્તિ તરફ તેમને ખૂબ સદ્‌ભાવ હતો. વાલમ છાત્રાલય સ્થાપના પ્રસંગે પણ તેઓ આશીર્વાદ આપવા હાજર રહ્યા હતા.

જ્યોતિષવિદ્યામાં પારંગત હોવાને કારણે જલોદરનું દર્દ જીવલેણ બનશે એ જાણ હોવા છતાં પોતાનું દુઃખ કોઈની પાસે ગાયું નહીં. અંતે સંવત ૨૦૦૨ના શ્રાવણ વદ નોમના દિવસે જન્માષ્ટમીના પારણાં કરીને પરલોકગમન કર્યું. તેમના ભક્તોએ સોજીત્રામાં શ્રી વૈજનાથ મહાદેવની જગ્યામાં તેમની સમાધી ઉપર શિવાલય બનાવ્યું છે.

તેમનું જીવન ઉદાત્ત હતું. વિચાર, વાણી, વર્તનમાં એકરૂપતા હતી. નિરભિમાની અને આનંદી હતા. જનતાનું કલ્યાણ અને સેવા એમનું ધ્યેય હતું. આપણી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ આવા સત્પુરુષોના જન્મથી ધન્ય છે. તેમના જીવનમાંથી પ્રેરણા લઈને વાલમ બ્રાહ્મણ જ્ઞાતિની એકતા, ઉત્થાન, પ્રગતિના ભાગીદાર બનીએ એજ એમનું સાચું સ્મરણ છે.

(સંકલન : વાલમ બ્રાહ્મણ વર્તમાન તા. ૨૯-૧૦-૧૯૪૭ના અંકમાંથી)

-ડૉ. હેમંત પંડ્યા

જ્ઞાતિજનોને જણાવવાનું કે આપના અનુદાન મહામંડળના નીચેના એકાઉન્ટમાં સીધા જમા કરાવી શકો છો.

**A/c. Name : Valam Brahman Mahamandal**
**Bank : Central Bank of India** **Branch : Vasna Br., Ahmedabad.**
**A/c. No. : 1059037810** **IFSC Code : CBIN0281463**

**રકમ જમા કરાવ્યાની જાણ રકમના હેતુ સાથે ખજાનચીશ્રી ભરત ભટ્ટને મો. નંબર - 9510893585 ઉપર અનિવાર્ય રૂપે કરાવવા વિનંતી.**

Scan & Pay

**ડૉ. ધૈર્ય ભાઈલાલભાઈ ભટ્ટ (M) 7383245526**

**માતૃ ક્લિનીક**
**૨૪, સહજ રેસીડેન્સી,**
**નિકોલ લેક ગાર્ડન પાસે,**
**નિકોલ, અમદાવાદ**

**રુદ્રાય હોસ્પિટલ**
**મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ**
**છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક,**
**દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે**
**નિકોલ-નરોડા રોડ, નિકોલ**

## આપણું છાત્રાલય

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે વિદ્યાનગર છાત્રાલયના પુનઃનિર્માણ માટેની કાર્યવાહી આગળ ધપી રહી છે. નવા છાત્રાલયનો સૂચિત નકશો આર્કિટેક્ટ રચના વિશ્વનાથન દ્વારા તૈયાર કરવામાં આવેલ અત્રે પ્રસિદ્ધ કરેલ છે. દાતાઓ તરફથી પણ અવિરત દાનનો પ્રવાહ ચાલુ છે. સંત શ્રી પુનિત મહારાજ અને ભક્તરાજ દેવશંકરના આશીર્વાદથી આ કાર્ય ઝડપથી પૂર્ણ થશે જ. ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે નાના-મોટા અનુદાન માટે સર્વે જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે.

- જયપ્રકાશ શુક્લ, પ્રમુખ - રાકેશ પુરોહિત, કન્વીનર-છાત્રાલય કમીટિ



### છાત્રાલય પુનઃનિર્માણ અંતર્ગત પ્રાપ્ત થયેલ અનુદાન

| | | |
|---|---|---|
| (૧) | ૫૧,૦૦,૦૦૦/- | એક પુનિત પ્રેમી સદ્‌ગૃહસ્થ, ૧૮૧૫૧, ૧૮૧૯૪ |
| (૨) | ૧૫,૦૦,૦૦૦/- | શ્રી હરિષભાઈ સૂર્યકાંત ભટ્ટ (અનુદાન જાહેર કરેલ છે.) |
| (૩) | ૫,૦૦,૦૦૦/- | શ્રી હંસાબેન સુરેન્દ્રભાઈ પંડ્યા, વડોદરા, યુ.કે., ૧૮૩૧૬<br>હ. શ્રી ભાસ્કરભાઈ જે. પુરોહિત, મુંબઈ |
| (૪) | ૧,૦૦,૦૦૦/- | નીતિનભાઈ ઈશ્વરભાઈ પટેલ, યુ.એસ.એ.<br>હ. મનોજ જોષી, ગાંધીનગર, ૧૮૧૨૩ |
| (૫) | ૫૧,૦૦૦/- | કાર્તિકભાઈ રમેશભાઈ વ્યાસ, નાગપુર, ૧૮૧૩૫ |
| (૬) | ૫૧,૦૦૦/- | જીતેન્દ્રભાઈ નાગરદાસ પંડ્યા, ગોંડલ સ્ટેટના પી.એ.<br>(અનુદાન જાહેર કરેલ છે.) |
| (૭) | ૩,૭૫,૨૮૧/- | ધજા પધરામણી ભેટ તથા અન્ય અનુદાન |






1ST, 2ND, 3RD, 4TH FLOOR PLAN




GROUND FLOOR PLAN

# ગમ્યું એટલે વહેંચ્યું

-કૌશિક મહેતા (વિદ્યા વાચસ્પતિ)

## નવરાત્રી ઘટસ્થાપનનો મર્મ

નવરાત્રી આંગણે આવીને ઊભી છે. નવદિવસ નવ સ્વરૂપોની શક્તિ આરાધના કરાશે. 'ઘટસ્થાપન' પણ કરાશે. સામાન્ય રીતે સનાતન ધર્મના 'શિવરાત્રી' અને 'નવરાત્રી' એમ બે રાત્રી ઉત્સવ છે. શિવ અને શક્તિની ઉપાસનાના આ રાત્રી પર્વોમાં નવરાત્રી વિશેષ છે. નવદિવસ શક્તિના નવસ્વરૂપોની પૂજા અર્ચના થાય તે પહેલા પ્રથમ દિવસે 'ઘટસ્થાપન' કરાતું હોય છે. માતાજીનું સ્થાયી સ્થાન તો ગોખમાં મઢમાં કે ચાચરના ચોકમાં હોય છે. છતાં નવરાત્રી પર્વ સમયે ઘટસ્થાપનની વિશેષ પરંપરા છે.

ઘટસ્થાપન અર્થે માટીનો કાણાવાળો કુંભ કે ગરબો લેવાય છે. જેમાં ઉપર વચ્ચે અને નીચે નવ નવ છિદ્રો હોય છે. માટીના આ ગરબામાં કે કુંભમાં મધ્યમાં અખંડ દીવો પ્રગટાવી તેની સામે બેસી નવે નવ દિવસ શક્તિ આરાધના, અનુષ્ઠાન કે સંકલ્પ સાધના કરાય છે.

એક અતિ પ્રચલીત ભજન છે કે 'મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી...' ઘટ એટલે કાયા કે શરીર. બીજા એક ભજનમાં કહેવાયું છે કે 'આ કાયાનો ઘડનારો ઘટમાયજી, એ કોઈની જાણ્યો ના જાયજી...' અર્થાત્ આ કાયા ઘડનારો કાયામાં જ બિરાજમાન છે. પરમાત્માના અંશ તરીકે.

ગરબો કે કુંભ એ ઘટ કે કાયા કે શરીરનું પ્રતીક છે. જેમ શરીરમાં મુખ્ય નવ છિદ્રો છે તેમ ગરબામાં પણ નવ છિદ્રો છે. જેમ શરીરમાં ૯૮.૪ ટેમ્પરેચર, અગ્નિ, ઉષ્ણતામાન કે એનર્જી છે તેના પ્રતીક તરીકે ગરબામાં અખંડ દીવો મુકાય છે.

આશીર્વાદ આપતી વખતે 'શતમ્ જીવમ્ શરદઃ' એવું કહેવાય છે 'શતમ્ જીવમ્ વંસતઃ' નથી કહેવાતું. અર્થાત્ તમે ૧૦૦ શરદઋતુ જીવો. વરસાદ, ગરમી અને ડોકાઈ રહેલી ઠંડી. આ ત્રણેય તત્ત્વોનો સંક્રાતિકાળ શરદ ઋતુમાં છે તેથી શરદ ઋતુમાં કાયા નબળી પડે છે.

શરદ ઋતુમાં આવતી નવરાત્રીમાં ઘટસ્થાપનનો મર્મ જ એ છે કે તમારી કાયામાં કે ઘટમાં બિરાજમાન દીવા (આત્મા)ને મંત્ર, જપ, તપ, સંયમ, નિયમ, સાધના, આરાધના, હોમ, હવન કે યજ્ઞ દ્વારા મજબૂત કરો. જેથી આત્મબળ, મનોબળ વધે અને આવી ૧૦૦ શરદ ઋતુ જીવી શકાય આને જ શક્તિ ઉપાસના કહેવાય.

કાયા કે ઘટ કે શરીર નવમહિને જન્મ ધારણ કરે છે એટલે પ્રતીક તરીકે એક માસનો એક એમ નવ દિવસ શક્તિ ઉપાસના કરી વર્તમાન આ કાયાને નવપલ્લવીત કરો. ઉપવાસ, ફળાહાર કે મૌનવ્રત પણ સ્થૂળ શરીરને નવસ્વરુપ આપવા જ કરાય છે.

ગરબા ધૂમવાથી (માત્ર ગાવાથી નહિં) ફેંફસા મજબૂત થાય છે.. કફ વગેરે નિર્મૂલ થાય છે અને આવી રહેલા શિયાળા સામે મજબૂતી મળે છે.

આમ 'નવરાત્રી' અને 'ઘટસ્થાપન' પાછળ શુભ મર્મ રહેલો છે.

NISHIT BHATT (CONSULTANT ) +919537084441
NISHIT@FINTRUSTINVESTMENTS.IN
www.fintrustinvestments.in

FINTRUST
INVESTMENTS PVT LTD

- MUTUAL FUNDS
- SIP / STP / SWP
- PMS / AIF / SIF
- NRI INVESTMENTS
- STOCK BROKING / DEMAT
- BONDS / FIXED DEPOSIT

Address : B-308, Inceptum, Nr. Tranquil, Opp. Hotel Planet Landmrk, Iscon Ambli Road, Ambli, Ahmedabad-380058.

**મુંબઈમાં વસતા આપણા જ્ઞાતિના વડિલ શ્રી ભાસ્કરભાઈ જે. પુરોહિત દ્વારા શ્રી હંસાબેન સુરેન્દ્રભાઈ પંડ્યા, વડોદરા, યુ.કે. તરફથી નવનિર્માણ પામી રહેલ છાત્રાલય માટે રૂ. ૫,૦૦,૦૦૦/- (૧૮૩૧૬)નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. ખૂબ ખૂબ આભાર.**

## યુ.કે. ઓક્સફર્ડમાંથી ગ્રેજ્યુએટ થનાર પહેલા વાલમ

યુ.કે. (વસો)ના ડૉ. બિપીનચંદ્ર દયાશંકર ગોરના પૌત્ર તથા **અ.સૌ.નીલામણિ અને શ્રી નીતેશ બી.** ગોરના સુપુત્ર **ચિ. રામ** યુ.કે.ની ખ્યાતનામ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટની ડીગ્રી મેળવનાર પ્રથમ વાલમ બ્રાહ્મણ છે જે સમગ્ર જ્ઞાતિ માટે ગૌરવની બાબત છે. **ભાઈ રામ અને સમગ્ર પરિવાર ને અભિનંદન સહ શુભેચ્છાઓ.**

## અભિનંદન !

**હિમાદ્રી વિમલભાઈ વ્યાસ**, રાજકોટ, ભાવનગર ખાતે એમ.બી.બી.એસ., ફર્સ્ટ વર્ષ, ફર્સ્ટ કલાસ સાથે ઉત્તિર્ણ થયેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

### જન્મના વધામણાં

મૂળ રાજકોટ હાલ જામનગર નિવાસી નવનીતરાય પ્રાણશંકર વ્યાસ અને સ્વ. અંજનાબેન નવનીતરાય વ્યાસના સુપુત્ર ચિ. જય વ્યાસ અને પુત્રવધુ અ.સૌ. ચી.ભૂમિકા વ્યાસ ને ત્યાં રાજ રાજેશ્વરી કુળદેવી શ્રી રાંદલ માતાજી અને સુરાપુરા દાદા ની અસિમ કૃપાથી. તારીખ 27/08/2026 ના રોજ પુત્રરત્ન **ચિ.શ્લોક**ની પ્રાપ્તિ થયેલ છે. ચિ. શ્લોક ના જન્મ નિમિત્તે ભેટ Rs.501/-

## વિદ્યાર્થીઓને ઈનામ અને સ્કોલરશીપ અંગે

ચાલુ વર્ષે ૨૦૨૬માં ૫૨(બાવન) વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન. જે વિદ્યાર્થીઓએ બેંક ડીટેઈલ્સ મોકલી નથી તેઓને તા. ૦૯-૧૦-૨૦૨૬ સુધી નીચે આપેલ વૉટ્સએપ નંબર - ૯૮૨૪૪ ૮૯૯૧૦ પર મોકલવા વિનંતી છે. ત્યારબાદ આવેલ વિગતો માટે વિદ્યાર્થીઓ ઈનામના હક્કદાર રહેશે નહીં.

- નિલેષ શુક્લ, કન્વીનર શિક્ષણ સમિતિ

---

### અવસાન નોંધ

૧. ડૉ.મનસુખભાઈ જટાશંકર પંડ્યા, જુનાગઢ
૨. ભક્તિબેન હરેશભાઈ જોષી, રાજકોટ
૩. પરાગ પુષ્કરભાઈ આચાર્ય, અમદાવાદ
૪. શોભનાબેન સુખદેવભાઈ ઠાકર, અમદાવાદ
૫. કોકિલાબેન નરહરિપ્રસાદ વ્યાસ, અમદાવાદ
૬. અનીતાબેન પંકજભાઈ પંડ્યા, અમદાવાદ
૭. હેમાબેન રાજેશભાઈ પંડ્યા, વડોદરા
૮. દેવાંગી કૌશિકભાઈ અધ્વર્યુ, અમદાવાદ
૯. રંજનબેન જીતેન્દ્રભાઈ પુરોહિત, અમદાવાદ
૧૦. મીરાબેન મધુસૂદન પંડ્યા, ગોંડલ
૧૧. દીપીકા હિમાંશુ પંડ્યા, મુંબઈ, પરઢોલ
૧૨. શાંતાબેન વજુભાઈ જોષી, અમદાવાદ

મહામંડળ તરફથી દિવંગત થયેલ જ્ઞાતિજનોના આત્માની શાંતિ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે અને કુટુંબીજનો પર આવી પહેલ દુઃખને સહન કરવાની પ્રભુ તેમને શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

**શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ**



**SAI FINANCIAL SERVICES**
**SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.**
**SHREE SAIRAM INVESTMART PVT. LTD.**
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877



**મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી**

૫૦૦૦/- વિરેન્દ્ર ગિરીશચંદ્ર આચાર્ય, અન્ય ફંડ, સ્વ. પિતાશ્રી ગિરીશચંદ્ર શંકરલાલ આચાર્યનો ફોટો કુળદેવી માતાજીની મંદિરના હોલમાં મુકવા (૧૮૨૮૦)

૫૦૦૦/- વિરેન્દ્ર ગિરીશચંદ્ર આચાર્ય, અન્ય ફંડ, સ્વ. માતૃશ્રી હસુમતીબેન ગિરીશચંદ્ર આચાર્યનો ફોટો કુળદેવી માતાજીની મંદિરના હોલમાં મુકવા (૧૮૨૮૧)

૧૦૦૦/- નિરજ સુધાકર ભટ્ટ, તિથિદાન, સ્વ. સુધાકરભાઈ કૃષ્ણાંત ભ ટ્ટ, ભાદરવા સુદ સાતમ (૧૮૨૮૨)

૧૦૦૦૦/- દિલીપભાઈ જમનાશંકર મહેતા, વા.વ.સ., સપ્ટેમ્ર ૨૦૨૬ના અંકના પ્રાયોજક (૧૮૨૮૩)

૨૦૧/- લલીતભાઈ કે. ઉપાધ્યાય, વા.વ.સ. (૧૮૨૮૪) (૧૮૨૮૫ - રદબાતલ)

૨૧૦૦/- પ્રકાશભાઈ રવિશંકર મહેતા, વા.વ.સ., સુપુત્ર મીહીર મહેતા તથા સેજલબેન મહેતા (અમેરિકા)ને ત્યાં પુત્ર મોક્ષના જન્મ પ્રસંગની વિગત વા.વ.માં છપાવવા (૧૮૨૮૬)

૨૦૦/- ફુલશંકરભાઈ પંડ્યા, વા.વ.સ., સ્વ. સંદીપભાઈ ફુલશંકર પંડ્યાની સરવણી પ્રસંગે (૧૮૨૮૭)

૧૦૧/- વ્રજ નીલેષ ઉપાધ્યાય, કુળદેવી ભટે, (૧૮૨૮૮)

૧૦૦૦/- રાકેશ ઉપાધ્યાય, વા.વ.સ., પુત્ર ચિ. અર્થ અને પુત્રી ચિ. આયુષીની વિગત વા.વ.સ.માં છપાવવા (૧૮૨૮૯)

૫૦૦૦/- મિતેષ ગિરીશચંદ્ર અધ્વર્યુ, અન્ય ફંડ, કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરના હોલમાં પિતાશ્રી સ્વ. ગિરીશચંદ્ર રામકૃષ્ણ અધ્વર્યુંનો ફોટો મૂકવા (૧૮૨૯૦)

૩૦૦૦/- ભાઈલાલભાઈ ભટ્ટ, વા.વ.સ., પુત્ર ચિ. ધૈર્યની હોસ્પિટલની પટ્ટી જાહેરાત વા.વ.માં ડિસેમ્બર ૨૦૨૬ સુધી (૧૮૨૯૧)

૫૦૧/- ચિંતન સુધાકર ભટ્ટ, વા.વ.સ., ચિ. તથ્યની વિગત વા.વ.માં છપાવવા માટે (૧૮૨૯૨)

૧૦૦૦/- ભાવીની પ્રશાંતભાઈ મહેતા, તિથિદાન, સ્વ. પ્રશાંતભાઈ ચંદ્રકાન્ત મહેતા, ચૈત્ર સુદ અગિયારસ (૧૮૨૯૩)

૫૦૦/- નવનીતરાય પ્રાણશંકર વ્યાસ, કુળદેવી ભેટ, સુપુત્ર ચિ. જય અને પુત્રવધૂ અ.સૌ. ભૂમિકાને ત્યાં ચિ. શ્લોકના જન્મપ્રસંગે (૧૯૨૯૪)

૧૦૦૦/- જ્યોતીબેન બિપીનચંદ્ર ભટ્ટ, તિથિદાન, સ્વ. બિપીનચંદ્ર મૂળશંકર ભટ્ટ, આસો સુદ આઠમ (૧૮૨૯૫)

૧૦૦૦૦/- દિપકકુમાર બિપીનચંદ્ર ભટ્ટ, વા.વ.સ., વાલમ વર્તમાન ઓક્ટોબર ૨૦૨૬ના પ્રાયોજક (૧૮૨૯૬)

૫૧૦૦૦/- અરવિંદભાઈ બી. વ્યાસ, કુળદેવી ફંડ, કુળદેવી હવનમાં બેસવા માટે (૧૮૨૯૭)

૫૦૦૧/- પૂર્વીબેન મિહીરભાઈ વ્યાસ, અન્ય ફંડ, પતિ સ્વ. મિહીરભાઈ વ્યાસનો ફોટો કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરમાં મૂકવા (૧૮૨૯૮) હ. મનોજ જોષી (૧૮૨૯૯)

૧૦૦૦૨/- પૂર્વીબેન મિહીરભાઈ વ્યાસ, અન્ય ફંડ, પિતાશ્રી સ્વ. બળવંતભાઈ રવજીભાઈ પાણેરી અને માતુશ્રી સ્વ. યશોમતીબેન પાણેરીના ફોટા કુળદેવી માતાજીના મંદિરમાં મૂકવા, હ. મનોજ જોષી (૧૮૨૯૯)

૫૦૦૧/- નિપાબેન પાર્થીવભાઈ વ્યાસ, અન્ય ફંડ, પતિ સ્વ. પાર્થીવભાઈ ડાહ્યાલાલ વ્યાસનો ફોટો કુળદેવી માતાજીના મંદિરમાં મૂકવા હ. મનોજ જોષી (૧૮૩૦૦)

૧૦૦૦/- મનોજ જ. જોષી, વા.વ.સ., ઓક્ટોબર ૨૦૨૬ના વા.વ. અંકમાં રંગીન પાનાના પ્રાયોજક (૧૮૩૫૧)

**છાત્રાલય માટે અનુદાન**

| | |
|---|---|
| ૫૦૦૦/- | સ્વ. જયેન્દ્રબાળાબેન ઈન્દ્રવદન અધ્વર્યુંના સ્મરણાર્થે ભજન નિમિત્તે આવેલ ભેટ (૧૮૩૦૧) |
| ૮૫૦/- | સ્વ. જયેન્દ્રબાળા બેન ઈન્દ્રવદન અધ્વર્યુંના સ્મર્ણાર્થે ભજન આરતીમાં આવેલ ભેટ (૧૮૩૦૨) |
| ૧૬૧૦/- | અયોધ્યાનગરી, ઝુંડાલ ખાતે પધરામણી તથા ભજન ભેટ હ. તેજસભાઈ (૧૮૩૦૩) |
| ૨૧૦૦૦/- | પાર્થ ગૌતમભાઈ પંડિત (૧૮૩૦૪) |
| ૫૦૦૦/- | ભરત રમણીકલાલ ભટ્ટ (૧૮૩૦૫) |
| ૮૩૫૭.૩૮ | પુનિત કીર્તન યુ ટ્યૂબ ચેનલ હ. કીર્તન દીક્ષિત (૧૮૩૦૬) |
| ૫૫૫૫/- | ભરતભાઈ ડાહ્યાલાલ ઉપાધ્યાય, મુંબઈ (૧૮૩૦૭) |
| ૫૦૦૦/- | હેમાબેન તથા શૈલેષભાઈ પાઠક, મુંબઈ (૧૮૩૦૮) |
| ૨૦૦૦/- | કૃષ્ણકાંત મનહરલાલ પંડ્યા (૧૯૩૦૯) |
| ૧૦૦૧/- | મયુર નીરંજનભાઈ પંડ્યા (૧૮૩૧૦) (રદબાતલ-૧૮૩૧૧) |
| ૧૦૦૦/- | દક્ષા ભરતભાઈ વ્યાસ, મુંબઈ (૧૮૩૧૨) |
| ૧૦૦૧/- | માધવ (૧૮૩૧૩) |
| ૫૦૦/- | જે. એન. પુરોહિત (૧૮૩૧૪) |
| ૧૦૧/- | વિશાલ એસ. (૧૮૩૧૫) |
| ૫૦૦૦૦૦/- | હંસાબેન સુરેન્દ્રભાઈ પંડ્યા, વડોદરા, યુ.કે. હ. ભાસ્કરભાઈ પુરોહિત (૧૮૩૧૬) |

**ચાલુ માસે રોકડમાં આવેલ અનુદાન આવતા માસના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર ખાતે આવેલ ભેટ તથા વસ્તુની યાદી**

| | |
|---|---|
| ૫૦૦/- | નીતિનભાઈ પ્રફુલ્લભાઈ ભટ્ટ, કુળદેવી ભેટ (૫૧૧૯) |
| ૩૧૦૦/- | ખેતીબેંક ચૂંટણી, અન્ય આવક (૫૧૨૦) |
| ૩૩૬૫/- | જયદીપભાઈ કે. ધોયલ, અન્ય આવક (૫૧૨૧) |
| ૩૫૫૦/- | રમેશભાઈ પરમાર, અન્ય આવક (૫૧૨૨) |
| ૩૪૮૦/- | જીજ્ઞેશ કીરિટભાઈ શુક્લ, અન્ય આવક (૫૧૨૩) |
| ૫૦૦/- | શિવાંગ યોગેશભાઈ પાઠક, કુળદેવી ભેટ (૫૧૨૪) |
| ૨૦૦/- | પ્રમોદભાઈ એન. આચાર્ય, કુળદેવી ભેટ (૫૧૨૫) |
| ૨૦૦/- | ભરત રમણીકલાલ ભટ્ટ, કુળદેવી ભેટ (૫૧૨૬) |
| ૧૫૦/- | શૈલેષભાઈ એચ. ભટ્ટ, કુળદેવી ભેટ (૫૧૨૭) |
| ૧૫૦/- | હર્ષ ઉપેન્દ્રભાઈ ભટ્ટ અખંડ દિવા માટે (૫૧૨૮) |
| ૧૫૦/- | જીજ્ઞેશભાઈ બી. ભટ્ટ, કુળદેવી ભેટ (૫૧૨૯) |
| ૬૭૧૦/- | સંજયભાઈ પ્રજાપતિ અન્ય આવક (૫૧૩૦) |
| ૨૦૦૦/- | સ્વ. અરૂણભાઈ આચાર્ય તથા મીનાબેન શાહ, કુળદેવી ભેટ (૫૧૩૧) |

**વસ્તુભેટ**

અમૂલ ઘી-૨ કિલો સ્વ. અરૂણભાઈ આચાર્ય તથા મીનાબેન શાહ, લેસ્ટર, યુ.કે. અમૂલ ઘી ૨ કિલો (૦૨૫)



# શ્રધ્ધાંજલિ



## સ્વ. અનીતાબેન પંકજભાઇ પંડ્યા

(ઉ.વ.૬૫)

સ્વ.તા. ૧૫/૦૯/૨૦૨૬ મંગળવાર

તમારું જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો
અમારા માર્ગદર્શન હતા. અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ,
ભાવનાશીલતાને ક્યારેય નહીં ભૂલીએ. ભગવાન તમારા શુદ્ધ આત્માને શાંતિ આપે.

**લી.**

પંકજભાઇ નટવરલાલ પંડ્યા (પતિ)
વિજયભાઈ નટવરલાલ પંડ્યા (દિયર)
હિનાબેન જયેશભાઈ વૈદ્ય (નણંદ)
જયેશભાઈ એસ.વૈદ્ય (નણંદોઈ)
ભાસ્કરભાઇ મનુભાઇ પંડ્યા (ભાઈ)
દિવ્યાબેન ભાસ્કરભાઇ પંડ્યા (ભાભી)

તુષારભાઈ પંકજભાઇ પંડ્યા (પુત્ર)
હિરલબેન તુષારભાઈ પંડ્યા (પુત્ર વધુ)
એકતાબેન તૃષાંતભાઇ પુરોહિત (પુત્રી)
તૃષાંત ભદ્રેશભાઇ પુરોહિત (જમાઈ)
મહર્ષિ, સૌમ્ય, તૃષ્ય (પૌત્ર)

સ્થળઃ- સી/૧૦૫, ન્યુ જસપાર્ક સોસાયટી,
અંબિકા સોસાયટી સામે, ઈસનપુર, અમદાવાદ - ૩૮૨૪૪૩

પંકજભાઈ - +91 9904154880 | તુષાર - +91 9924315868
એકતા - +91 8849651454 | ભાસ્કર - +44 7768949903

# તિથિદાન

**આસો સુદ ૦૧ (એકમ) થી કારતક સુદ ૦૧(એકમ) (તા. ૧૧-૧૦-૨૦૨૬ થી ૧૦-૧૧-૨૦૨૬) સુધી**
**સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન**

**આસો સુદ ૦૧**
મધુકાંતાબેન સંપતલાલ પંડ્યા
ભૂપતરામ મોહનલાલ અધ્વર્યુ
ચંદ્રીકાબેન જગન્નાથભાઈ દીક્ષિત
અનસૂયાબેન(બચુબેન) મૂળશંકર અધ્વર્યુ

**આસો સુદ ૦૨**
રમેશચંદ્ર પ્રમોદરાય આચાર્ય
ધનગૌરીબેન માણેકલાલ ભટ્ટ

**આસો સુદ ૦૩**
ફુલશંકર મોતીરામ

**આસો સુદ ૦૪**
કનુબા પ્રભાશંકર ભટ્ટ
શાંતિલાલ ભવાનીશંકર જોષી

**આસો સુદ ૦૫**
ગોમતીબેન (શારદાબેન) બાલાશંકર જોષી
કુમુદબેન જયંતકુમાર પુરોહિત
રમાગૌરી ઈશ્વરલાલ અધ્વર્યુ
કાંતાબેન ભીખાલાલ મહેતા

**આસો સુદ ૦૬**
ઈન્દુબેન વસંતરાય આચાર્ય

**આસો સુદ ૦૮**
કપિલાબેન જયંતિલાલ શાહ
કંદર્પ ફુલાશંકર પંડ્યા
હર્ષદરાય ખંડુભાઈ ઉપાધ્યાય
બીપીનચંદ્ર મૂળશંકર ભટ્ટ
કનકભાઈ ડાહ્યાભાઈ વ્યાસ

**આસો સુદ ૦૯**
પ્રિતમરાય વેણીશંકર આચાર્ય
દેવેન્દ્રકુમાર શાંતિલાલ ઉપાધ્યાય
ભરતકુમાર દેવશંકર ભટ્ટ

**આસો સુદ ૧૦**
રતિલાલ મણીશંકર વ્યાસ
શાંતિલાલ જીવરામ પુરોહિત
જયાબેન શાંતિલાલ ઉપાધ્યાય
દિવ્યેશ (દત્તુ) ઘનશ્યામભાઈ ઉપાધ્યાય

**આસો સુદ ૧૧**
અન્નપૂર્ણાબેન કાંતિલાલ ઉપાધ્યાય
નિરંજનાબેન ભાનુશંકર અધ્વર્યુ
ભગવાનભાઈ સોમનાથ ભટ્ટ

**આસો સુદ ૧૨**
નાગરદાસ જટાશંકર ભટ્ટ

**આસો સુદ ૧૩**
મોહનલાલ ઈશ્વરલાલ વ્યાસ
રમાગૌરી નાનાલાલ વ્યાસ
કુસુમબેન દુર્ગાપ્રસાદ આચાર્ય

**આસો સુદ ૧૪**
હસમુખીબેન જયકરભાઈ આચાર્ય
નૌતમલાલ અમૃતલાલ ઉપાધ્યાય

**આસો સુદ ૧૫ (પૂનમ)**
રામલક્ષ્મીબેન ગૌરીશંકર પંડ્યા
પંકજભાઈ ઉમિયાશંકર શુક્લ
અન્નપૂર્ણાબેન વૃજલાલ ભટ્ટ

**આસો વદ ૦૩**
કાંતિલાલ ધનેશ્વર મહેતા
મંગુલબેન શંકરલાલ મહેતા
જીતેન્દ્રભાઈ પ્રતાપરાય જોષી

**આસો વદ ૦૪**
હરિશંકર વાસુદેવ દીક્ષિત
જશવંતભાઈ ફુલાશંકર વ્યાસ (પૂર્વ પ્રમુખ)

**આસો વદ ૦૫**
કમળાબેન અંબાલાલ પંડ્યા

**આસો વદ ૦૬**
સુભદ્રાબેન પ્રભાશંકર દીક્ષિત
ચિમનલાલ લલ્લુરામ વ્યાસ
મુકુન્દભાઈ વિઠ્ઠલભાઈ ગોર
હરબાળાબેન નટવરલાલ વ્યાસ

**આસો વદ ૦૭**
અરવિંદાબેન હર્ષદભાઈ પાઠક

**આસો વદ ૦૮**
ઉમિયાશંકર મહાશંકર મહેતા
પ્રભાશંકર ગોપાલજી જોષી
વિદ્યાબેન ભગવાનદાસ મહેતા
મનિષભાઈ અરવિંદભાઈ મહેતા
બળવંતરાય ઉમિયાશંકર આચાર્ય
નિર્મળાબેન જયાશંકર ભટ્ટ
દુર્ગાશંકર શંકલાલ ભટ્ટ
ચિમનલાલ માણેકલાલ મહેતા
રજનીકાંત શાંતિલાલ શેઠ
વ્રજલાલ તુલસીરામ વ્યાસ
ઈશ્વરલાલ દામોદરદાસ પંડ્યા
છાયાબેન રાજેશભાઈ વ્યાસ

**આસો વદ ૦૯**
મધુકાંતાબેન કૃષ્ણાંકત દીક્ષિત
યોગેશકુમાર ચંદુલાલ વ્યાસ
ચંદ્રકાંત અમૃતલાલ પુરોહિત

**આસો વદ ૧૦**
રમણીકલાલડાહ્યાલાલ ઉપાધ્યાય

લાભકુંવરબેન પ્રાણશંકર પંડ્યા
કુમુદબેન ભાનુપ્રસાદ વ્યાસ

**આસો વદ ૧૧**

ભોગીલાલ શંકરલાલવ્યાસ
અનીલકુમાર મણીશંકર ઉપાધ્યાય
નિરંજનભાઈ મનહરલાલ પંડ્યા
નૌતમલાલ પ્રાણશંકર જોષી
વિનાયક સોમેશ્વર પંડ્યા

**આસો વદ ૧૨**

ત્રંબકભાઈ મૂળશંકર ઉપાધ્યાય
ઉષાબેન બાબુલાલ મહેતા
વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્ય
દેવપ્રસાદ દ્વારકાદાસ અધ્વર્યુ
રાજેશભાઈ ડાહ્યાલાલ આચાર્ય

**આસો વદ ૧૩**

ભાઈશંકર (બાબુલાલ) ત્રિભોવનદાસ ઉપાધ્યાય
હરસુખભાઈ આર. જોષી
હસુમતીબેન જયકૃષ્ણ શુક્લ

**આસો વદ ૧૪**

મણીબેન મોહનલાલ જોષી
અંબાલાલ શોભારામ જોષી

**આસો વદ ૧૫ (અમાસ)**

ચંદ્રકાંત રવિશંકર મહેતા
દુર્ગાબેન પ્રવિણચંદ્ર પાઠક
દુર્ગાપ્રસાદ કૃષ્ણદેવ આચાર્ય

**કારતક સુદ ૦૧**

કમળાબેન ગીરધરલાલ શુક્લ
ડાહીબેન રામકૃષ્ણ ભટ્ટ
દક્ષાબેન રાજેન્દ્રકુમાર મહેતા

**ખાસ નોંધ : તિથિમાં સુધારા-વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી દિલીપભાઈ જમનાશંકર મહેતાનો વૉટ્સએપ નં. 9898668268 પર સંપર્ક કરવા વિનંતી.**

## જન્મદિવસની શુભેચ્છા

| | | | |
|---|---|---|---|
| ૧૬/૯ | ઋષિ ભરતભાઈ આચાર્ય | ૧૯/૧૦ | ધ્રુવીલ સંદીપકુમાર જોષી |
| ૨૮/૯ | ભૂમિન ભરતભાઈ ભટ્ટ | ૩૦/૧૦ | બિજલકુમાર જયંતભાઈ પુરોહિત |
| ૨૯/૯ | જાહ્નવી ભરતભાઈ આચાર્ય | ૦૭/૧૧ | ઋત્વી નિકુંજભાઈ ભટ્ટ |
| ૧/૧૦ | શર્મિષ્ઠા વિનયચંદ્ર દીક્ષિત | ૦૮/૧૧ | દર્શ નિશાંત આચાર્ય |
| ૧૮/૧૦ | કંદર્પ અરવિંદભાઈ વ્યાસ | આસો વદ ૮ | હિતાર્થ સંદીપભાઈ જોષી |

## લગ્નદિવસની શુભેચ્છા

૧૮/૧૦ સંજય મિહિરભાઈ મહેતા
૦૭/૧૧ ભરત રમણીકલાલ ભટ્ટ
નયના ભરત ભટ્ટ

## જન્મજયંતિ

આસો સુદ ૧૫ - દશરથલાલ હરગોવિંદલાલ દીક્ષિત

NRM
SYNERGY
*We Make Things Possible*

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
**ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ**
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર - પાટોત્સવ હવન અને અન્નકૂટ તા.૨-૧૧-૨૦૨૬

આપણી મંદિર કમીટી ના નિર્ણય અનુસાર તા.૨-૧૧-૨૦૨૬ ના પાટોત્સવ હવનમાં ચારેય વિભાગમાંથી એક એક એમ ચાર યજમાન પ્રત્યેક ₹ ૫૧,૦૦૦/- ના ન્યોછાવર અનુદાન સાથે સજોડે પૂજા સંપન્ન કરશે. જણાવતાં આનંદ થાય છે કે ચારેય વિભાગના કાર્યકરો તરફથી વ્યક્તિગત કે સંયુક્ત રીતે ₹ ૫૧,૦૦૦/- નું અનુદાન નીચે પ્રમાણે જાહેર કરવામાં આવેલ છે. આ માટે સર્વે કાર્યકરો અભિનંદનના અધિકારી છે.

ચરોતર : ડૉ. અરવિંદભાઈ ભોગીલાલ વ્યાસ, પૂર્વપ્રમુખ (સ્વ. સુશીલાબેન અરવિંદભાઈ વ્યાસની પુણ્ય સ્મૃતિમાં) ₹ ૫૧,૦૦૦ નું અનુદાન પ્રાપ્ત થયેલ છે, જે ચરોતરનું યજમાનપદ શોભાવશે.

ધંધુકા : ધંધુકા વિભાગના જ્ઞાતિ કાર્યકરો ભેગા મળીને ₹ ૫૧,૦૦૦ નું અનુદાન આપી સજોડે હવનપૂજા માટે એક કાર્યકરનું નામ સૂચવશે.

સોરઠ : સોરઠ વિભાગના નીચેના પાંચ કારોબારી સભ્યો ભેગા મળીને ₹ ૫૧,૦૦૦ નું અનુદાન આપી સજોડે હવનપૂજા માટે એક નામ સૂચવશે.
૧.અતુલ પ્રવિણભાઈ પંડ્યા, ૨.અપૂર્વ ઘનશ્યામભાઈ પંડ્યા, ૩.નીતાબેન બિપીનચંદ્ર વ્યાસ, ૪.શોભનાબેન જીતેન્દ્રભાઈ પંડ્યા, ૫.નયનભાઈ કાન્તિલાલ પાણેરી

ચાર જથ્થા : ચાર જથ્થા વિભાગના હોદ્દેદારો અને કાર્યકરો ભેગા મળીને ₹ ૫૧,૦૦૦ નું અનુદાન મેળવી, સજોડે હવનપૂજા માટે એક નામ સૂચવશે.

યજમાન માટે પ્રયત્ન કરનાર સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કમિટી સભ્યો અને કારોબારી સભ્યોને વિશેષ અભિનંદન. અમને શ્રદ્ધા છે કે સર્વે જ્ઞાતિજનોના સાથ સહકારથી આ વર્ષે પાટોત્સવ હવન અને અન્નકૂટ કંઈક આગવી રીતે આનંદ ઉત્સાહ થી ઉજવાશે.

ધંધુકા વિભાગના ₹ ૫૧,૦૦૦ ના સંયુક્ત દાતાઓ :

| | | |
|---|---|---|
| (૧) નૈનેશ પ્રમોદભાઈ આચાર્ય | (૨) જય યોગેશકુમાર પાઠક | (૩) શુભમ યોગેશકુમાર પાઠક |
| (૪) સૌરભ ભરતકુમાર પાઠક | (૫) ચિરાગભાઈ હર્ષદરાય આચાર્ય | (૬) વિરેન્દ્રભાઈ ગિરીશચંદ્ર આચાર્ય |
| (૭) કૌશિક બાલમુકુંદ અધ્વર્યુ | (૮) હર્ષદરાય પ્રતાપરાય દીક્ષિત | (૯) કિર્તન રાજેન્દ્રભાઈ દીક્ષિત |
| (૧૦) કેતનભાઈ પ્રવિણચંદ્ર આચાર્ય | (૧૧) અશ્વિનભાઈ નાથાલાલ જોષી | (૧૨) રશ્મિકાન્ત કૃશણકાન્ત આચાર્ય |
| (૧૩) ભરત રમણીકલાલ ભટ્ટ | (૧૪) રાજેન્દ્ર પ્રવિણચંદ્ર પાઠક | (૧૫) દિપક ભાનુપ્રસાદ દીક્ષિત |
| (૧૬) વિનય દશરથલાલ દીક્ષિત | (૧૭) તુષાર સી. પંડ્યા | (૧૮) મનીષ કાંતિલાલ દીક્ષિત |
| (૧૯) ચિરાગ કમલેસભાઈ અધ્વર્યુ | (૨૦) મહેશભાઈ દશરથલાલ દીક્ષિત | (૨૧) દિલીપભાઈ જગન્નાથ દીક્ષિત |
| (૨૨) બાલમુકુંદ દુર્ગાપ્રસાદ આચાર્ય | (૨૩) વિપુલભાઈ વિનોદરાય ઉપાધ્યાય | (૨૪) દિલિપભાઈ જમનાશંકર મહેતા |
| (૨૫) ઉમેશભાઈ અનંતરાય અધ્વર્યુ | | |

ચાર જથ્થા વિભાગના ₹ ૫૧,૦૦૦ ના સંયુક્ત દાતાઓ :

### ઝાલાવાડ ક્ષેત્ર

(૧) રાજુભાઈ એમ. મહેતા
(૨) કનકભાઈ જે. જોષી
(૩) ચંદ્રકાન્તભાઈ બી. મહેતા
(૪) જુગલકિશોર એન. જોષી
(૫) સુનિલ સી. જોષી
(૬) જીનેશકુમાર ડી. ભટ્ટ

### ચુંવાળ ક્ષેત્ર

(૭) રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજી
(૮) સુધીરભાઈ આઈ. વ્યાસ
(૯) રામભરોસે હ. રાજુભાઈ મહેતા
(૧૦) સુધીરભાઈ એસ. મહેતા
(૧૧) કમલેશભાઈ આર. વ્યાસ
(૧૨) પ્રવીણભાઈ આઈ. મહેતા
(૧૩) ભરતભાઈ એન. વ્યાસ
(૧૪) ભરતભાઈ બી. મહેતા

### દસકોશી ક્ષેત્ર

(૧૫) થી (૧૯) કુલ પાંચ દસકોશી વિભાગ

### વઢિયાર ક્ષેત્ર

(૨૦) પંકજભાઈ આર. ઉપાધ્યાય
(૨૧) ભરતભાઈ ડી. ઉપાધ્યાય
(૨૨) દિલીપભાઈ એમ. ઉપાધ્યાય




સ્વ.ઈન્દ્રવદન શાંતિલાલ ઉપાધ્યાય તથા સ્વ.નિરંજનાબેનની પૌત્રી તથા પ્રદીપકુમાર નટવરલાલ વ્યાસ તથા હર્ષિદાબેનની દોહિત્રી રાકેશભાઈ તથા કાશિમરાબેનની સુપુત્રી **ચિ.આયુષી** રાકેશ ઉપાધ્યાય બાયોમેડિકલ ઍન્જિનિયરિંગ બી.ટૅક.નો અભ્યાસ પૂર્ણ કરી હાલમાં બિરલા યુનિવર્સિટીમાં ડેટા સાયન્સ એન્ડ AIમાં અભ્યાસ ચાલુ છે. સાથો સાથ બાયો ટેકનિકા હેલ્થ કેર લિમિટેડમાં નોકરી પણ કરી રહેલ છે.

રાકેશભાઈ તથા કાશિમરાબેનના સુપુત્ર **ચિ.અર્થ રાકેશકુમાર ઉપાધ્યાય** એ ફ્રાન્સ ખાતે એમ.બી.એ.નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. બંનેને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ. સંતાનોની ઉજ્જવળ કારકિર્દી બદલ જ્ઞાતિ સેવા માં ભેટ અર્પણ કરેલ છે.



અમારા પુત્ર **ચિ. તથ્ય ચિંતન ભટ્ટે** JEE Main પરીક્ષામાં 98.21 પર્સેન્ટાઇલ મેળવી, પ્રતિષ્ઠિત NIT રાઉરકેલા ખાતે B.Tech. in Biotechnology અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો છે. ચિ. તથ્યની આ સિદ્ધિ સમગ્ર પરિવાર માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે. તેની મહેનત, સમર્પણ અને સતત પ્રયત્નોનું આ સુંદર પરિણામ છે. અમે તેના ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ અને તે જીવનમાં નવી ઊંચાઈઓ સર કરે તેવી શુભકામનાઓ.

પલક ચિંતન ભટ્ટ - ચિંતન સુધાકર ભટ્ટ



- વીજળી બિલ (તમામ કંપનીઓ), સમગ્ર ગુજરાત
- પ્રોપર્ટી ટેક્સ (તમામ કોર્પોરેશન), સમગ્ર ગુજરાત
- ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ સેવાઓ
- ગુજરાતની તમામ ડિજિટલ ઓનલાઈન સેવાઓ

**KR Financial Services**
Life Insurance | General Insurance | Mutual Fund

# તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન...!!!



**અમર રાજેન્દ્રભાઈ ઉપાધ્યાય**
વડોદરા (સોરઠ)
MBA
CPI 8.21



**આયુષી રાકેશભાઈ ઉપાધ્યાય**
અમદાવાદ(ધંધુકા),
બાયોમેડિકલ એન્જિનિયરિંગ
6.93 CGPA ડિગ્રી



**અર્થ રાકેશભાઈ ઉપાધ્યાય**
અમદાવાદ (ધંધુકા).
MBA in Paris
B Grade

## આ કલર પેજના સ્પોન્સર મંત્રીશ્રી મનોજભાઈ જોષી, ગાંધીનગર છે.



શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા બળેવ પર્વ નિમિત્તે મધુલતા હોલ, અમદાવાદ ખાતે વેદોક્ત શ્રાવણી ઉપાકર્મનું આયોજન તથા સમૂહ ભોજન



ધંધુકા વાલમ જ્ઞાતિ પંચ દ્વારા ભવાની મંદિર, ધંધુકા ખાતે વેદોક્ત પૂજન દ્વારા નૂતન યજ્ઞોપવિત ધારણ તથા વાલમ વાડી ખાતે સમૂહ ભોજન



વાઘેશ્વરીધામ, ઓગણજ, અમદાવાદ ખાતે ચુંવાળ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા શ્રી રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજીની નિશ્રામાં જ્ઞાતિજનો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ



માતૃશ્રી મુક્તાબેન વામનભાઈ વ્યાસ કોમ્યુનીટી હોલ, રાજકોટ ખાતે સામૂહિક પિતૃતર્પણ તથા નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ

R.N.I. No. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid Up to 31-12-2026
Permitted to Post at Ahmedabad unaccountable L1 on 5th of every month.

## કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર પાટોત્સવ હવનના દિવસે

# ‘મારો આપણો અન્નકૂટ’



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીની પ્રેરણા થકી આગામી પાટોત્સવના હવનના દિવસે તા.૦૨-૧૧-૨૦૨૬ના રોજ અન્નકુટના આયોજનમાં વધુ જ્ઞાતિજનો જોડાય એ હેતુસર **‘મારો આપણો અન્નકૂટ’** રાખવાનું નક્કી કરેલ છે. ૪૦ મીઠાઈઓ અને ૪૦ નમકીન સહિત લગભગ ૮૦ ભોગ સામગ્રીના અન્નકૂટમાં દરેક વિભાગમાંથી ૨૦ ભોગ સામગ્રીની નોંધણી કરાશે. જ્ઞાતિજનો તેમના વિભાગના કાર્યકરનો સંપર્ક કરી અન્નકૂટ માટે ભોગ સામગ્રી નોંધાવી શકશે. નોંધાવેલ ભોગ સામગ્રીના ૧ કિગ્રા અને ૫૦૦ ગ્રામ એમ બે પેકેટ તૈયાર કરવાના રહેશે. જે પૈકી ૫૦૦ ગ્રામનું પેકેટ મિક્સ પ્રસાદ માટે રહેશે, જે ભોજન સાથે જ્ઞાતિજનોને પીરસવામાં આવશે. અન્નકૂટના વિસર્જન વખતે ૧ કિગ્રાનું પેકેટ, તે નોંધાવનાર જ્ઞાતિજનને પ્રસાદરૂપે પરત અપાશે. કોઈ હોદ્દેદાર કે કાર્યકરને પ્રસાદનું પેકેટ વ્યક્તિગત રીતે આપવામાં આવશે નહિં. સંજોગોવશાત અન્નકૂટના આયોજનમાં મંદિર કમીટી જરૂરી ફેરફાર કરી શકશે.

મારા આપણા અન્નકૂટમાં સહયોગી થઈ તેને સફળ બનાવવા કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના આશીર્વાદ આપણા સૌને પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના.

**પ્રમોદભાઈ આચાર્ય, કન્વીનર**

**વિરેન્દ્રભાઈ આચાર્ય, સહકન્વીનર , દિલીપભાઈ દીક્ષિત, સહકન્વીનર**

**- મંદિર કમિટિ**

**To :**

**From :**
**Editor,**
**Valam Brahman Gnati Vartaman**
C/8, Prarthna Appartment,
Opp. Ankur High School,
Fatehnagar, Paldi, **AHMEDABAD - 380007**
(Gujarat), INDIA.

Printed and Published by **DIXIT KIRTAN RAJENDRA** on behalf of **VALAM BRAHMAN MAHAMANDAL** and printed at GAYATRI MUDRANALAYA, 10, L. B. Estate, Opp. Ajmeri Estate, Dhobhi Ghat, Dudheshwar, Ahmedabad - 380001 and published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad - 380007.
**Editor : DIXIT KIRTAN RAJENDRA**

**ખાસ નોંધ : મુખપત્રમાં કોઈપણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી**